

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આજ ખૂલશે, કોથળામાંથી બિલાડું નિકળશે !*
*કોઈના ભાગ્યમાં વિજય - સરઘસ નિકળશે !*
*નિકળશે બળાપા ધાક - બોગસ મતદાનના -*
*ક્યાંક પક્ષની ભૂલોની હૈયા વરાળ નિકળશે....*

### હાઈકુ

*ચૂકાદો ખૂલ્લો !*
*થશે બચાવ લૂલો -*
*પક્ષની ભૂલો...*

*સંપ - સ્નેહનું,*
*થયું છે વિભાજન -*
*ભાંગ્યો વિશ્વાસ...*

### ચિંતન

*દાતાદાતા ચલ ગયે, રહ ગયે મખ્ખીચૂસ*
*દાન માન સમઝ નહીં, લડને મેં મજબૂત*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે આ જગતમાંથી જ ખરા દાતાઓ એટલે દાનવીર મનુષ્યો તો સ્વર્ગમાં સીધાવા ગયા છે. રહી ગયા છે કૃપણ અને મખ્ખીચૂસ. જે રહ્યા છે તેને સ્વર્ગમાંથી તો સ્થાન મળે જ ક્યાંથી ? આ જગતમાં અને આ સંસારમાં પણ તેની કંઈ જ કિંમત નથી. આ યુગમાં પણ એવા કોઈક દાતાઓ છે ખરા જે ઉદાર હાથે દાન કરે છે પણ મનમાં એક દાતા તરીકે કે પોતે મહાન દાનવીર છે એવું 'અહમ' સતત જાગૃત જ રહે છે.

આ 'અહમ્' જ તેનું દુશ્મન બની રહે છે તેનું કર્યું કારવ્યું દાનપુણ્ય કશું લેખે લાગતું નથી. આમાં સાચા દાનવીર ઓળખી પણ શકતાં નથી. અને આ જગતમાં નગુણા માનવીઓનો ક્યાં તોટો છે ? સાચી અને માનને લાયક વ્યક્તિને તેના ઉદારતા જેવા વિશિષ્ટ ગુણોની સાચી કદર પણ ક્યાં થાય છે. કરે પણ કોણ ? સૌ પોતાને જ અન્ય કરતાં ચડિયાતા ગણે છે.

### સુવિચાર

- ભયસૂચક વિચારો દૂર કરવા સ્વયં ને કહો 'મારો ભય દૂર કરવા હું સક્ષમ છે' - **બોધીવૃક્ષ**
- નમ્રતા અપાવે સહુને અગ્રતા, જે ન પામે પૂર્ણતા, કે કદીન ફૂલયા, પૂરો ઘટ છલકાય નહીં, અધૂરો ઘટ છલકાય - **ધર્મલોક**
- ઈશ્વરે મોં બોલબોલ કરવા માટે નથી આપ્યું, ઈશ્વર સાથે એકરસ, એકાકાર અને એકરાગ બની જવું એનું નામ પ્રાર્થના, એનું નામ સમર્પણ, એનું નામ પૂજન - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- તારી અપાર શક્તિનો મહિમા ગાતુ માનવીનું તન, જેમાં ચૈતન્યનો તણખો બની સમાયો હોય તે ય એક મંદિર જ છે - **પ્રકાશ ગજ્જર**
- પાપની એક દાત છે, પાપીનો પીછો કરવાની ! પાપ એક એવું સંતાન છે, જે પોતાના સર્જકને જ ભરખી જવા સદાય તત્પર રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈમાનદારીનો શ્રેષ્ઠ પુરસ્કાર એટલે સમાજમાં મનુષ્યને પ્રાપ્ત થતી પ્રતિષ્ઠા - **રમણલાલ પાઠક**
- આજનું ઔષધ : રાઈને વાટીને સાકરની ચાસણીમાં મેળવીને ખાવાથી શરદી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જૂના જમાનામાં એક સંસ્કારી કુટુંબમાં જન્મેલ દીકરીના લગ્ન થયા. તે સાસરે ગયા. થોડા દિવસ પછી એક સંબંધી તેમના ગામ આવ્યા અને દીકરીને મળવા ગયા. દીકરીએ ચા-નાસ્તો કરવ્યા. જતી વખતે સંબંધીએ પૂછ્યું, 'પિયરમાં કંઈ સંદેશો આપવો છે?' દીકરીએ કહ્યું, 'મારા મા-બાપને કહેજો - દીકરી મજામાં છે. વાસી ખાય છે અને ઉપવાસી રહે છે.' સંબંધીએ કહ્યું, 'સારું.' સંબંધીના ગયા પછી સાસુએ વહુને પૂછ્યું, 'બેટા, તમારા લગ્ન થયા પછી અહીં કયારેય તમારે વાસી ખાવું પડ્યું ? કે કયારેય ઉપવાસ કરવો પડ્ય ?' વહુએ જવાબ આપતા કહ્યું, 'હું જયારથી અહીં આવી ત્યારથી જોઉં છું કે બધા ખાઈ-પીને મજા કરે છે પણ કોઈ ભગવાનને યાદ કરતું નથી કે કોઈ સત્ કર્મ કરતું નથી, ગયા જન્મે કોઈક સારા કર્મો કર્યા હશે કે જેથી આ જન્મમાં ભગવાને ઘણી સંપત્તિ આપી છે એથી એવું કહ્યું. સારુએ કહ્યું, 'બેટા જરા વધુ વિગતે સમજાવજો.' વહુએ કહ્યું, 'બા, આ જન્મમાં જે પણ સુખ ભોગવીએ છીએ તે ગયા જન્મના સત્ કર્મ કરીને જમા કરાવતા નથી તે અર્થમાં ઉપવાસી રહીએ છીએ. એટલે મેં કહ્યું હતી કે 'વાસી ખાઈએ છીએ અને ઉપવાસી રહીએ છીએ.' આપણે પણ આંતર અવલોકન કરીએ અને થોડા ઘણા પણ સત્કર્મ કરીને આ જન્મ તથા આવતો જન્મ સફળ બનાવીએ.

# ચૂંટણીપંચની ગરિમા જળવાવી જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

જુલિયસ સીઝરના જમાનાથી અંગ્રેજીમાં એક રૂઢિપ્રયોગ ચાલતો રહ્યો છે. સીઝર લોકપ્રિય રોમન સમ્રાટ હતો. પ્રજા કાયમ વફાદાર નહીં હોય તો ચાલશે. રાજા માટે એના નિકટના લોકોની વફાદારી જરૂરી છે. રાણી જ બેવફા હોય તો રાજાની જિંદગી પર જોખમ તોળાયેલું રહે. બીજો અર્થ એ કે જે મુખ્ય વ્યક્તિ કે સંસ્થા છે એની જવાબદારી નિભાવવાની ક્ષમતા વિશે કોઈ શંકા ન હોવી જોઈએ. સીઝરની પત્ની શંકાથી પર હોવી જોઈએ. ભારતનું ચૂંટણી પંચ અત્યંત આદરપાત્ર બંધારણીય સંસ્થા છે. એને કેટલાક વિશેષાધિકારો પ્રાપ્ત છે. એ ધારે તો દેશના વડાપ્રધાનને પણ આચારસંહિતાના મુદ્દે કડક સજા કરી દાખલો બેસાડી શકે. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ શાંતિપૂર્વક ચૂંટણીકાર્ય સંપન્ન કરવા બદલ ચૂંટણીપંચને અભિનંદન તો આપ્યાં, પણ વળતે જ દિવસે પ્રજાને ઈવીએમમાં ગરબડ થવાની શંકા જાગી છે તે મુદ્દે ચૂંટણીપંચને ટકોર પણ કરી. મતદાતાનો મત એ એનો અમૂલ્ય અધિકાર છે. એ મત એણે જેને આપ્યો હોય એના જ ખાતામાં જમા થવા જોઈએ - એની પવિત્રતા અભડાવવાનો કોઈ પણ પ્રયાસ ન થવો જોઈએ - એવું ટ્વિટ કરીને આ મુદ્દે કોઈને શંકા-કુશંકા ન રહેવી જોઈએ એવો આગ્રહ સેવ્યો છે. વિપક્ષી આગેવાનોને એક્ઝિટ પોલમાં ચાલુ સત્તાધારી પાર્ટીની રાજરમતની ગંધ આવતાં જ એ સાબદા બની ગયા છે. મમતા બેનરજીથી લઈ માયાવતી અને અખિલેશ યાદવ તથા ચંદ્રાબાબુ નાયડુ અને કેજરીવાલ સહિતના નેતાઓએ સોએ સો ટકા વીવીપેટ અને ઈવીએમ સરખાવવાની માગણી ઉગ્ર બનાવી છે. સુપ્રીમ કોર્ટે અલબત્ત, આવી માંગણીને વાહિયાત ગણીને ઉડાવી દીધી છે અને ચૂંટણી પંચ ઈવીએમમાં કોઈ જ ગરબડ નહીં હોવાની પોતાની ખાતરી દોહરાવતું રહ્યું છે. ખાટલે ખોડ એ મુદ્દે છે કે ઉત્તર પ્રદેશ સહિત કેટલીક જગ્યાએ ઈવીએમ બદલાઈ રહ્યા હોવાના અહેવાલો આવ્યા છે. જો આવી કશી ગરબડ થશે તો એક સમયના એનડીએના સાથી પક્ષ રાષ્ટ્રીય લોક સમાજ પાર્ટીના નેતા કુશવાહા (કે જેમણે મોદી સરકારમાંથી રાજીનામું આપી યુપીએ સાથે જોડાવાનું પસંદ કર્યું છે.) લોહીની નદીઓ વહેવડાવવાની ધમકી ઉચ્ચારી ચૂક્યા છે. ઉત્તરપ્રદેશ અને બિહાર જેવાં મોટાં રાજયોમાં મોદી વિરોધી વાતાવરણ હતું છતાં એક્ઝિટ પોલ કંઈક જુદાં જ તારણ દર્શાવે છે. પૈસા આપીને આવા એક્ઝિટ પોલ કરાવી, પોતાની તરફેણમાં જ પરિણામો આવવાનાં છે એવી છાપ ઊભી કરી સત્તાધારી પક્ષ નાના નાના પ્રાદેશિક પક્ષો તથા અપક્ષ ઉમેદવારોને પોતાના તરફ આકર્ષવા પ્રયાસ કરી રહેલ છે. એવા આક્ષેપ પણ વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે. અમિત શાહે છઠ્ઠા તબક્કાની ચૂંટણી પૂરી થતાં જ એનડીએ ત્રણસો બેઠકો પાર કરી જશે એવી આગાહી કરી હતી એમાં પણ વિપક્ષી આગેવાનોને સંભવિત ષડ્યંત્રની ગંધ ન આવે તો જ નવાઈ. આજે જયારે લોકશાહીના મહાન પર્વની પૂર્ણાહૂતિ સમી મતગણતરી યોજાઈ રહી છે ત્યારે ઈવીએમ - વીવીપેટ સંદર્ભે કોઈ ડખો ન પડે એવી અપેક્ષા રાખીએ. વિપક્ષોને પણ ન્યાય મળવો જોઈએ એમ સામા પક્ષે સત્તાધારી પાર્ટી પ્રત્યે જનમત વરતાતો હોય તો એણે પણ વિપક્ષોએ સહર્ષ વધાવી લેવો જોઈએ. આખર જે રીતે પણ પ્રજાને આકર્ષીને પોતાની તરફેણમાં ખેંચી હોય એનો મનેકમને સામા પક્ષે સ્વીકાર કરવો જ રહ્યો જે જીત્યો એ જ સિકંદર!

# સર્વિસ સેક્ટરના ગ્રોથમાં ઘટાડો - બદલાતું અર્થતંત્ર



**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારત વિવિધતાથી છલોછલ એક લોકશાહી ધરાવતો દેશ છે. દેશની અંદર ભાષા, બોલી, પરંપરા, શ્રદ્ધા, રોજગારના સ્વરુપ વગેરેમાં પુષ્કળ વૈવિધ્ય પ્રવર્તે છે. બાર ગાઉ એ બોલી પણ બદલાય છે ભલે ભાષા એક જ હોય. ભારતને કુદરતની કૃપા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, માનવ આયોજનમાં સાચુ કહો તો આપણું વૈવિધ્ય જ પરેશાન કરે છે. લોકોમાં હજી શ્રદ્ધા, આસ્તિકતા, કર્મવાદ પ્રત્યે હકારાત્મકતા જોવા મલે છે ત્યાં સુધી અપેક્ષા છે કે ભારતમાં ફરીથી રામરાજય જરૂર આવશે. વિવિધ રાજયો પાસે પણ પ્રાકૃતિક બક્ષિસો પણ ઘણી મળેલી છે અલબત્ત લોકો અનુશાસન છોડતા થયા છે તેથી સમસ્યાઓ સામે આવતી રહે છે. સીમા પારથી પણ ઉગ્રવાદ મારે છે તો સીમાની અંદર પણ આતંકવાદ વ્યાપક છે જે બંનેમાં આપણા જ જવાનો શહીદ થઈ રહ્યા છે જેનું દુઃખ અવશ્ય તમામ ને થાય છે છતાં હજી આપણે આ લડાઈ લાંબી લડવાની હોય થેવું લાગે છે. દેશની અંદર આર્થિક પ્રગતિ થાય તે માટે સરકાર અનેકવિધ પગલાઓ લઈ રહી છે દેશ પણ ડિજિટલ માર્ગે ઝડપથી આગળ વધી રહી રહ્યો છે. આજના યુગમાં આબાદી વૃદ્ધિ દર જોતા હવે ગાંધીયન અર્થશાસ્ત્ર અપ્રસ્તુત બની રહ્યું છે. સમયની ગતિમાં ટેકનોલોજીકલ પરિવર્તનોથી ઝડપ વધી રહી છે, તો નવી પેઢીની પસંદ - સ્વપ્ના અને કાર્યશૈલીમાં પણ બદલાવ જોવા મળે છે. બધા ક્ષેત્રમાં ઈન્ટરનેટ પ્રવેશી જ ગયુ છે અને બલ્કી ટાસ્ટ હવે નાના દેખાઈ રહ્યા છે. આ બધાનો સાર એ છે કે દેશ બદલાઈ રહ્યો છે. ભારતનો પ્રગતિનો માર્ગ ભીડથી ભરેલો થયો છે ! ચૂંટણીના પરિણામો આવશે....

આર્થિક રીતે વિકસવું એ દરેકનું એક સુંદર સ્વપ્ન હોય છે અને હકીકતમાં જવા માટે લાખો વિઘ્ન નડતા હોય છે. ભારતમાં આર્થિક અસમાનતા બેહદ છે તેથી વંચિતો અને સંચિતો વચ્ચેની ખાઈ પહોળી થઈ રહી છે. સરકાર હવે આ દિશામાં ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને આર્થિક વ્યવહારો પર આપતી નજર રાખીને અર્થતંત્રને મજબુતી આપવાનું કામ કરી રહી છે, અને લાંબા ગાળે રાષ્ટ્રને લાભ થાય તેવું માનવામાં આવી રહ્યું છે. નોટબંધી અને જીએસટીનાં અમલ બાદ નવું માળખું ગોઠવવામાં અને અમલવારીમાં પુષ્પળ વિઘ્નો ઊભા થયા છતાં હવે ગાડી પાટા ઉપર ચડતી જાય છે.

હાલમાં સમાચાર મળ્યા તે મુજબ દેશના સર્વિસ સેક્ટરનો ગ્રોથ મંદ પડ્યો છે. સર્વિસ સેક્ટર મતલબ સેવાકીય ક્ષેત્ર અને અહીં એપ્રિલ માસનો ગ્રોથ સાત મહિનાની નીચી સપાટી પર આવી ગયો છે. નિક્કી ઈન્ડિયા સર્વિસીઝ બિઝનેશ એક્ટીવીટી ઈન્ડેક્સ માર્ચમાં બાવન રહ્યો હતો જે એપ્રિલ-૧૯માં ઘટીને એકાવન પર પહોંચી ગયો હતો. સપ્ટેમ્બર-૧૮ પછી નીચી સપાટી પર સર્વિસ સેકટરનો ગ્રોથ નોંધાયો છે ! અત્રે નોંધનીય છે કે ભારતીય ખાનગી ક્ષેત્રની અર્થવ્યવસ્થા નબળા ગ્રોથના તબક્કામાં છે. ચૂંટણીનાં પરિણામો બહાર પડ્યા બાદ કદાચ સ્થિતિમાં પરિવર્તન થશે તેવો અંદાજ છે. સેવાકીય ક્ષેત્રમાં સેવા પૂરી પાડવામાં આવતી હોય તેવા બધા જ એકમોનો સમાવેશ થાય છે ત્યાં સ્પર્ધાત્મક સ્થિતિ છે ઉપરાંત ગ્રાહકો હવે ઓનલાઈન વ્યવહારો કે બુકિંગ કરાવતા થયા છે તેથી જ આ હાલત જોવા મળે છે. ઉત્પાદન ક્ષેત્રમાં પણ નજીવો ઘટાડો નોંધાવા મળ્યો છે. સેવાકીય સેકટરમાં બેન્કો, કુરિયર સેવા, ઓનલાઈન વ્યવહારો વગેરેનો પણ સમાવેશ થાય છે. આપણા દેશમાં યોજાનાઓનો કોઈ પાર નથી છતાં નક્કર લાભ નોંધનીય નથી કેમ કે અમલીકરણમાં જ લોચા થાય છે અથવા લોકોની માનિસકતા ઝડપથી બદલાતી નથી અને બીજું કારણ એ છે કે હજી સદાચારના માર્ગે આપણે હજી પેટ્રો પદાર્થની બાબતે વૈશ્વિક સ્રોત કે આયાતો ઉપર ખુબ જ આધારિત રહ્યા છીએ. જળ પ્રબંધનમાં કોઈ નક્કર નીતિ રચી શકાઈ નથી!

સેવાકીય ક્ષેત્રમાં ડિજિટલાઈઝેશન શરૂ શરૂમાં વિઘ્નકર્તા લાગી રહ્યું છે પણ સમય જતા વ્યવહારો બધુ સ્પષ્ટ, ગતિશીલ અને વ્યાપક થઈ જશે તે નક્કી છે. પરંતુ લોકો હાલ પરિવર્તનના માર્ગે થોડા પીડિત લાગી રહ્યા છે. નેટ આધારિત માળખા ને હવે અવગણી શકાય તેવું પણ નથી. બેન્કો સેવા આપે છે પરંતુ ત્યાં આર્થિક સક્ષમતા બાબતે ચિંતાનો માહોલ છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની ક્રેડીટ પોલિસી હજી વિકાસપ્રેરક બહાર પડતી નથી. રિયલ એસ્ટેટની હાલત મંદ ગતિથી પ્રભાવિત છે. લોકો પાસે બચત થાય તેમ નથી અને બચત કરે તો વ્યાજ પર ટેક્સ ઉઘરાવી લેવાય એ બહુ સારી બાબત હરગીઝ નથી. સમાજ બેંકોની લોન ઉપર ધામધૂમ કરી રહ્યો છે. આર્થિક મોરચે પરિવાર નબળો પડે પછી બધી જ સ્વતંત્રતા છિનવાઈ જાય છે. નવી રોજગારી, જળ પ્રબંધન, કૃષિ, શિક્ષણ અને આરોગ્યનાં ક્ષેત્રો ઉપર હવે સરકારને ખુબ જ ધ્યાન આપવાની જરૂરત છે જે આપણા વિકાસનો અહેસાસ કરાવી શકશે. વિકાસનાં અર્થઘટન માટે ચિંતન કરવું આવશ્યક છે. આધુનિક સાધનો અને મિટીંગ કે ચર્ચાથી જ વિકાસ તઈ જતો નથી. હવે તો કયાંથી શરૂ કરવું તે પ્રશ્ન છે ! એવા તો આપણે વહેચાઈ ગયા છીએ કે મારો હિસ્સો કયાં અને હું કયાં એ જ શોધવા જતા મળતું નથી. આપણી વાસ્તવિક સ્થિતિ માટે આ શેર છે -

આજકલ સબ ખામોશ હૈ
કોઈ આવાજ નહીં કરતા
સચ બોલકર કોઈ
કિસી કો નારાજ નહીં કરતા

સાચી વાતને સમયસર યોગ્ય જગ્યાએ રજૂ ના કરી શકો તો - પ્રતિભાનો કોઈ અર્થ નથી. સુધરવા માટે બધા જ ચોઘડિયા શુભ હોય છે અને વિકૃત થવા માટે બધુ જ કષ્ટદાયી હોય છે.

**શેર આસ્વાદ :**
કહી દો સાફ ઈશ્વરને છંછેડે નહીં મુજને
નહી રાખે બનાવટનો ભરમ સ્પષ્ટીકરણ મારુ.

# આજનો યુવા 'સ્વ' થી ખસીને 'સમગ્ર' સુધી પોતાની જાતને લઈ જશે તો ચોક્કસ સમય પલટાશે



**અબીલ-ગુલાલ**
મમતા રાવલ

આજના દિવસે દેશના એક-એક નાગરિકની મીટ ચૂંટણીના પરિણામો પર મંડાયેલી હશે. સામાન્યમાં સામાન્ય માણસ પણ દેશ પ્રત્યે એટલું Concern તો જરૂર ધરાવે છે કે મારા દેશનું સુકાન કોની પાસે જશે ? આજની તારીખ, તવારીખમાં પલટાશે કે હેમનું હેમ થશે એ દિવસ પૂરો થતાં સુધી સમજાઈ જશે...ટીવી પર ન્યુઝની સાથે-સાથે, હદયના ધબકારનો લય માંડ ઠેકાણે પડશે ત્યાં બીજી મેગા ઈવેન્ટના પડઘમ શરૂ થશે. ક્રિકેટ વર્લ્ડકપ એ પણ આપણે ભારતીયોના નસ-નસમાં વહેતા ક્રિકેટના નશાની પરાકાષ્ઠા છે. એમાં પણ ભારતના પ્રત્યેક નાગરિકની લાગણીઓ જોડાયેલી છે. આ દરમ્યાન સુખ-દુઃખ, ગમ-ખુશીની લહેરો પ્રત્યેક સેકન્ડે બદલાતી જોવા મળે છે...એકબાજુ નવી સરકારના નવા નાટકોની સાથે ક્રિકેટનો જુવાળ દેશમાં વેકેશન અને ચર્ચાઓનો માહોલ સર્જશે એ નક્કી છે...

> સ્વાર્થ, ડર અને જાહેર નિષ્ક્રીયતા જેવા પરિબળો આપણી લેકશાહીના વરવાં સંતાનો છે. નવી પેઢીના સાચા અને ભણેલા યુવાવર્ગની આજે રાજકારણને જરૂર છે

આ બધું આમ તો બિલકુલ સ્વાભાવિક છે... દરેક દેશમાં સત્તાની સાઠમારી અને પોતાની પ્રિય રમત પ્રત્યેનો ક્રેઝ આમ જ અભિવ્યક્ત થાય છે. આપણા દેશમાં ફિલ્મો ઉપરાંત રાજકારણ અને ક્રિકેટ મનોરંજનના સાધનો તરીકે હોટ ફેવરીટ છે. સાવ સસ્તુ, મફતનું કોઈ મહેનત વિના મળતું મનોરંજન એટલે રાજકારણ અને બીજા નંબરે ક્રિકેટ...ચૂંટણી પહેલાની રાજકીય નેતાઓની હૂંસાતૂંસી અને પ્રચારના ગતકડાં...ભાત ભાતના મેસેજીસ્, લોકનેતાના અભિનેતા દ્વારા ઈન્ટરવ્યુ જેવા ગ્લેમરસ થી શરૂ કરી ને હલકી માં હલકી કક્ષા સુધીની પ્રચાર યાત્રાએ દેશના નાગરિકોએ જીવનમાં ન જોયેલા તમાશાને નિહાળ્યો. આ દિવસો દરમ્યાન સમાચારો વાંચીને કેટલાક નાગરિકો મનોરંજન મેળવતા...કેટલાક ધૂંઆફૂંવા થતા તો કેટલાક વડીલો, એમની આદર્શ ભારત...અલૌકિક ભારત...અખંડ ભારતની એષણામાં આ બધી અડચણોથી વ્યથિત થતાં જોવાયા. સાથે આદર્શ રાજકીય પુરુષો જેમણે ભારતીયતા ને છાજે એમ પોતાની રાજકીય જવાબદારીનું વહન કર્યું એની વાતો પરિવારમાં સંભળાવી નવી પેઢીમાં જાગૃતતા આપવાનો પ્રયત્ન કરતાં જોવાયા...

એકબીજા સાથે અંદર ખાને સાંઠ-ગાંઠ થી જોડાયેલા નેતાઓએ જાહેરમાં, સભાઓમાં અને નિવેદનોમાં નીચતા ની હદ વટાવી...પોતાને સારા અને યોગ્ય સાબિત કરવા માટે જે કરવું પડે એ કરવામાં આ વખતે રાજકારણમાં કોઈએ કંઈ જ બાકી ન રાખ્યું...અપશબ્દો અને આક્ષેપો થકી ભારતના રાજકારણની છબી દુનિયાભરમાં ભારે ખરડાઈ... દુનિયાના ખંધા રાજકારણીઓએ જોઈ લીધું કે ભારત દેશમાં એક ચૂંટણી પત્યા પછી બીજી ચૂંટણી જીતવા માટેના પ્રયાસો, એની તૈયારી એજ માત્ર નેતાઓનો ઉદેશ છે...સત્તાની ભયંકર ભૂખમાં દેશનું - નાગરિકોનું હિત વિસારે પડે છે. નેતાઓનું સાચું ચરિત્ર દર્શન જનમાનસ ને વિક્ષિપ્ત કરે છે...તો પણ આપણે બેઠક રૂમમાં આપણા મોંઘા ટીવી સેટ સામે બેસીને એથીય મોંઘા આપણા મૂલ્યવાન સમયને વેડફીશું...આપણને પોતાના અંગત પ્રશ્નોની ચર્ચાનો સમય હોતો નથી, પરંતુ જ્યાં અને ત્યાં, એકલ-દોકલ કે ટોળામાં ભેગા મળીને આજ ચર્ચાઓમાં જોડાઈશું..કેમ ? જે માણસો અને ઘટનાઓ ધિક્કારવા યોગ્ય છે એને ધિક્કારવાની આપણી નૈતિક હિંમત ક્યાં છે ? આપણી લોકશાહી અર્થવ્યવસ્થા છતાં માનસિક ગુલામી માંથી આપણે બહાર નથી આવ્યા...સહિષ્ણુતાની હદ તો ત્યાં છે કે આપણે એને મનોરંજન તરીકે સ્વીકારી લઈએ છીએ અને પછી એક કાયમી આશ્રય સ્થાન ' મારે શું ' ના ઓઠા તળે જાતને છુપાવી લઈએ છીએ. સ્વાર્થ, ડર અને જાહેર નિષ્ક્રીયતા જેવા પરિબળો, આપણી લોકશાહીના વરવાં સંતાનો છે. બીજા દેશોની ભયંકર અરાજક્તા ભરેલી સ્થિતિના સમાચારોથી આપણે વધુ જાગૃત થઈ જવાની આ વેળા છે. નવી પેઢીના સાચા અને ભણેલા યુવાવર્ગની આજે રાજકારણને જરૂર છે આજનો યુવા સ્વ થી ખસીને સમગ્ર સુધી પોતાની જાતને લઈ જશે તો ચોક્કસ સમય પલટાશે...પણ એમણે એક જૂથ થવું જરૂરી છે. સક્રિય રાજકારણમાં ઝંપલાવનાર JNU ના કન્હૈયાકુમાર... કે ગુજરાતના યુવા નેતાઓ જે પોતાના સમાજના ઉધ્ધારક બનવાના પ્રયત્નોમાં રાજકારણના આટાપાટામાં એવા અટવાયા કે હવે દિશા તો શું દશાના પણ વખાની સ્થિતિ છે. જેમની પાસે જોમ છે...જુસ્સો છે...સત્તાને પડકારવાની હિંમત છે એવો યુવાવર્ગ દેશની આશા છે. યુવાનોમાં વધી રહેલી જાગૃતિથી આ દિવસો નજીકમાં હોય એવું લાગી રહ્યું છે.

**નિર્માણો કે પાવન યુગ મેં વસુધા કા કલ્યાણ ન ભૂલે...**
**સ્વાર્થ સાધના કી આંધી મેં હમ ચરિત્ર નિર્માણ ન ભૂલે...**

ભારતની ક્રિકેટની રમત આજકાલ તરવરિયા, મહત્વાકાંક્ષી અને મહેનતુ યુવા-રમતવીરો થી ધબકતી બની છે. પોતાની અંગત પ્રગતિ સાથે, ટીમના સામૂહિક પ્રદર્શનમાં પણ તેમનું સક્રિય યોગદાન આપણે જોઈ રહ્યા છીએ. સુચારુ વહીવટીય પારદર્શકતાએ યુવાનો ને એ રમત સાથે જોડાવા પ્રેર્યા છે. મહેન્દ્રસિંગ ધોની ની બેનમૂન નેતાગિરી પછી વિરાટ કોહલી પણ સફળ સુકાની સાબિત થઈ રહ્યા છે...સટ્ટા અને સોદાની ઘણી વાતો બહાર આવે છે...પણ સારા પરિણામો સામે દેશની જનતા આવા બવંડરોને નગણ્ય ગણે છે એ આપણા દેશની જનતાનો સાહિષ્ણુ અભિગમ બતાવે છે. ભૂતકાળમાં અનેક ક્રિકેટરોના કૌભાંડોથી વ્યથિત પ્રજા અત્યારે આ યુવા ટીમનું સમર્થન કરે છે. હજુ નવા-સવા પ્રવેશેલા કેટલાક નાદાન પ્લેયર્સને પોતાની ભૂલો સુધારીને કમબેક કરવાની પૂરી તકો હવે આ ક્ષેત્રમાં છે. પોતાનું સો એ સો ટકા આપીએ તો કોઈ પણ ક્ષેત્રમાં સન્માન-સફળતા આપણને પોંખવા તૈયાર જ ઊભી છે...સચીન તેડુંલકર એનું તાજું ઉદાહરણ છે. માણસ હોવા છતાં જે ક્રિકેટના ભગવાન તરીકે પૂજાય છે. 'વર્લ્ડકપ-૮૩ ' પર બની રહેલી રણવીરસીંગ અભિનીત ફિલ્મ આપણે ટૂંક સમયમાં નીહાળીશું ત્યારે લીડરશીપ શું મહત્વ ધરાવે છે એનો વધુ ખ્યાલ મળશે. ફિલ્મો એ આવા ઘણા સારા ઉદાહરણો આપણી સમક્ષ મૂકવાની કોશિશ કરી છે. પણ આપણે એજ લીધું છે જે આપણે લેવું હતું...અને એટલે જ ઘણી ખાનાખરાબી પણ ફિલ્મોને આભારી છે.

આ લખાણ થી કોઈ સાચું-ખોટું, સારું-ખરાબ સાબિત કરવાનો પ્રયાસ નથી. માત્ર એક નાગરિક તરીકે આપણે થોડા વધુ ઈન્વોલ્વ થઈએ, જાગૃત થઈએ એ માટેનો જ એક નમ્ર પ્રયાસ કર્યો છે. આપણો સમય મૂલ્યવાન છે. વ્યર્થની ચર્ચામાં વેડફાતા માનવ કલાકો દેશની અને આપણી પોતાની પ્રગતિમાં અવરોધક છે. જે કરવાનું છે એ દિશામાં જાગૃતિ કેળવીએ એજ મહત્વનું છે.

> જે માણસો અને ઘટનાઓ ધિક્કારવા યોગ્ય છે એને ધિક્કારવાની આપણી નૈતિક હિંમત ક્યાં છે ? આપણી લોકશાહી અર્થવ્યવસ્થા છતાં માનસિક ગુલામી માંથી આપણે બહાર નથી આવ્યા...સહિષ્ણુતાની હદ તો ત્યાં છે કે આપણે એને મનોરંજન તરીકે સ્વીકારી લઈએ છીએ અને પછી એક કાયમી આશ્રય સ્થાન ' મારે શું ' ના ઓઠા તળે જાતને છુપાવી લઈએ છીએ. સ્વાર્થ, ડર અને જાહેર નિષ્ક્રીયતા જેવા પરિબળો, આપણી લોકશાહીના વરવાં સંતાનો છે.

# આજે કોણ બનશે ભારત ભાગ્ય વિધાતા?



**મનના ઉમંગો**
રણછોડ પરમાર

જો તમે મોડા ઊઠવાની ટેવવાળા હશો તો આજ તો તમે આ છાપુ વાંચવાને બદલે સીધા ટીવી સામે બેસી ગયા હશો. આજે ચૂટણીઓના પરીણામ આવવાના છે ને ! જો કદાચિત વહેલા ઊઠવાની ટેવવાળા હશો તો અલપઝલપ છાપું વાંચવામાં કંઈ વાંધો આવશે નહીં. અને વ્યવસ્થિત સરસાઈવાળા પરીણામ તો કદાચ બપોર પછી આવવા માંડશે. ત્યાં સુધીમાં તમે આ લેખ વાંચો તો વર્તમાનપત્ર અને અમારા સદભાગ્ય !

તા- ૧૧/૦૪/૨૦૧૯ના રોજ લોકસભા ચૂટણીનો પહેલો તબક્કો( ૯૧ બેઠકો) હતો. છેલ્લો મતલબ કે સાતમો તબક્કો ૧૯/૦૫/૨૦૧૯ ના રોજ હતો(૫૯ બેઠકો). ચૂટણી આયોગના અધિકારીઓ અને સંલગ્ન સ્ટાફ પહેલા તબક્કાથી છેલ્લા તબક્કા સુધી પહોંચતા શબ્દશઃ હાંફી ગયા હશે. આપણા જેવા ટીવી પર સમાચારો જોનારાય એકના એક આરોપો અને એકના પ્રતિઆરોપો જોઈને-સાંભળીને રીતસર ત્રાસી ગયા. એ બધા ત્રાસદાયક ભાષણો અને તાયફાઓનો અંત આવ્યો. ૧૯૫૨ માં પહેલી ચૂંટણી થઈ અને શ્રી જવાહરલાલ નહેરુ ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા. જવાહરલાલ પૂરા સત્તર વરસ વડાપ્રધાન રહ્યા. તેમનો અંતકાળ નજીક હતો ત્યારે દેશમાં ચર્ચા ચાલેલી કે નહેરુ પછી દેશનું શું થશે ? નહેરુજીના ગયા પછી અત્યાર સુધીમાં ભારતની પ્રજાએ તેર વડાપ્રધાન જોઈ લીધા છે. ભારત દેશ દરેક મુશ્કેલીમાંથી સફળતાપૂર્વક બહાર આવી શક્યો છે. આ ચૂટણીમાં પણ ગમે તે પક્ષ જીતે ભારતીય લોકશાહીને કશી આંચ આવવાની નથી એ હકીકત છે. પણ ભક્તોને આ વાત સમજાવે કોણ?

શ્રી જવાહરલાલ નહેરુએ સ્વાતંત્ર્ય દિને દર વર્ષે લાલ કિલ્લા પર આપેલા ભાષણોનું એક પુસ્તક બન્યું છે. એનું નામ છે ''આઝાદીકે સત્રહ કદમ.'' શ્રી નરેંદ્રભાઈ મોદી પાંચ વરસ સત્તામાં રહ્યા.તેમણે રેડિયો ઉપર દર મહિને મનકી બાત કહેવાની શરૂ કરી હતી. પાંચવરસ દરમ્યાન તેમણે અઢીસોથી વધારે વાર મનકી બાત કરી છે. તેનું પણ પુસ્તક બનાવાયું છે. જવાહરલાલના સત્તર વરસના ભાષણોનું એક જ પુસ્તક બની શક્યું હતું. પણ મોદીસાહેબના ભાષણોના પુસ્તકના કદાચ ચારપાંચ ભાગ બનાવવા પડ્યા છે. આ બધા ગ્રંથો ચૂંટણીઓ પહેલાં બહાર પાડવાની યોજના હતી, પણ એના કદ અને જથ્થાને કારણે સમયસર પ્રકાશિત થઈ શક્યા નથી એવું લાગે છે. જો કદાચ બધા ખંડ પ્રકાશિત થઈ ગયા હોય તોયે છાપાઓ કે ટીવી ચેનલોમાં એની ખાસ ચર્ચા થઈ નથી. મતલબ કે કરોડોના ખર્ચનો કોઈ મતલબ રહ્યો નથી. કારણ કે જવાહરલાલના પુસ્તક ચૂંટણીઓને લક્ષમાં લઈને પ્રગટ થયું ન હતું. હવે પાંચ વર્ષના સત્તાકાળ બાદ સમગ્ર ભારતવર્ષ જાણે છે કે મોદી સાહેબનું દરેક પગલું ભવિષ્યમાં થનાર ચૂટણીને ધ્યાનમાં લઈને જ ઊઠાવવામાં આવે છે. આ રીતે મનકી બાતના કદાવર ગ્રંથો તો ખાસ ચૂંટણીઓને લક્ષમાં લઈને તાબડતોબ તૈયાર કરવાના હતા. પણ જેવા ભારતના નસીબ , બીજું શું?

ઓગણીસ તારીખે ચૂંટણીઓ પત્યા પછી જેવા છ વાગ્યા કે બધી ચેનલો ઉપર એક્ઝીટ પોલના આંકડા આવવા શરૂ થઈ ગયા. મોટા ભાગની સંસ્થાઓએ જાહેર થયેલા એક્ઝીટ પોલ મુજબ ભાજપ અને તેમના ટેકેદારોનું જુથ સૌથી આગળ છે. ''ફિર એક બાર , મોદી સરકાર' નું સૂત્ર ખરું પડવા જઈ રહ્યું છે. એનડીએને ત્રણસોથી વધારે બેઠકો મળશે એવા અનુમાન કરવામાં આવે છે. કોંગ્રેસની સ્થિતિ સુધરી છે પણ હજુ સત્તાથી દૂર રહેવું પડશે એવું લાગી રહ્યું છે. કોંગ્રેસે દિલ્હીમાં આપ જોડે અને ઉત્તર પ્રદેશમાં માયાવતી-અભિષેક સાથે જોડાણ ના કર્યું એના પરીણામ એને ભોગવવા પડશે.

એક્ઝીટ પોલના આંકડા બહાર પડ્યા પછી ભક્તગણ રાજીનો રેડ થઈ ગયો છે. ''આપણે તો બાપુ જાણતા જ હતા આ મોદી બીજા કોઈને ફાવવા દે જ નહી. એ એટલો ચાલાક છે કે તમે કોઈ પગલું ભરવાનો વિચાર કરે એ પહેલાં જ તમારા પગને એવા બાંધી દે કે તમે એક ડગલુંય ખસી શકો નહીં.'' આવું ભક્તો કહે એ બરાબર છે , પણ તેમના એક ટીકાકાર શું કહે છે ખબર છે ? ''મોદીસાહેબને બીજું કશું આવડે કે ના આવડે, ચૂંટણી જીતતા આવડે છે.'' એ ભાઈની વાતમાં મને દમ લાગે છે. કારણ કે વેપારીવર્ગ, નોકરિયાત વર્ગ, મજુરવર્ગ, ખેડૂતભાઈઓ, બેરોજગાર યુવાનો બધાયે એમની વિરુધ્ધ દેખાતા હોય ત્યારેય એમણે ચૂંટણી ભારે બહુમતીથી જીતી બતાવી છે.

મોદી સાહેબ ફરીથી વડાપ્રધાન બનશે કે નહીં તે તો આખરી પરીણામો જાહેર થાય ત્યારે કહી શકાશે. પરંતુ એટલું જરુર કહી શકાશે કે જો ભાજપને સ્પષ્ટ બહુમતી નહી મળે તો તેઓ અગાઉ જેવી મનમાની કરી શકશે નહી. સાથી પક્ષોના મનની વાત પણ તેમને સાંભળવી પડશે. કારણ એકલા ભાજપને સ્પષ્ટ બહુમતી મળે તેવું લાગતું નથી. '' અબકી બાર તિનસોકે પાર'' સૂત્ર નિષ્ફળ ગયું છે.

એક્ઝીટ પોલના સમાચારો આવ્યા પછીના બીજા જ દિવસે પેટ્રોલના ભાવમાં વધારો થઈ ગયો છે. આ બે મહિના કેટલી દુખદ અવસ્થામાં પેટ્રોલ કંપનીવાળાઓએ ભાવ વધાર્યા વગર જીવી રહ્યા છે એની વેદના જાણવા માટે ભાઈ આપણે કોઈ મોટી પેટ્રોલ કંપનીના માલિક બનવું પડે. એના બીજા દિવસે દૂધવાળા ભાઈઓએ લીટરે બે રૂપિયા ભાવ વધાર્યા છે. ગેસના ભાવ તો ચાલુ ચૂંટણીઓમાં જ વધ્યા હતા. છતાં હવે એ નહી વધે એની કોઈ ગેરંટી આપી શકે નહીં, મોદી સાહેબ પણ નહીં, ભલે એ ચારસો બેઠક જીતી જાય તોયે નહીં. વીજ કંપનીઓ, ખાસ તો આપણી ટોરેંટ કંપની તો ટાંપીને જ બેઠી હશે કે ક્યારે ચૂંટણી પતે અને આપણે ભાવ વધારીએ. રસ્તાઓ, પૂલો અને મકાનો બાંધનારા અને બગીચા બનાવનારા અને મોટા મોટા પૂતળાં ઊભા કરનારા ઠેકેદારો હરખના માર્યા ફૂલાતા નહીં હોય. એમને નવા નવા કામ મળશે. જેવા માંગો તેવા ભાવ મળશે.

શેરબજારનો આખલો આ આંકડા ભાળી ભૂરાયો થયો છે. એની પર અંકુશ રાખવો અત્યારે પણ અઘરો છે. આજે સાંજ સુધીમાં આ અનુમાનો હકીકત બની જાય તો એ ક્યાં જઈને અટકશે એ કહેવું મોદીસાહેબ માટે પણ નામુમકીન છે. શેરબજાર આપણા દેશની પ્રગતિનું માપદંડ કહેવાય છે. પણ મને એ કદી સમજાતું નથી કે શેરબજારના ઉછાળાઓથી ગરીબોના ઘરમાં કેમ કદી રોશની થતી નથી !

એકવાર આઈનસ્ટાઈનને કોઈએ પૂછ્યું કે ત્રીજુ વિશ્વયુધ્ધ કેવી રીતે લડાશે . એના જવાબમાં આઈન સ્ટાઈને કહેલું.'' ભાઈ, ત્રીજુ વિશ્વયુધ્ધ કેવી રીતે લડાશે એની મને ખબર નથી, પણ ચોથું વિશ્વયુધ્ધ કેવી રીતે લડાશે એ તને કહી શકું છું.'' આ સાંભળી પ્રશ્ન પૂછનાર ઉછળી પડ્યો. '' કહો, ચોથું વિશ્વયુધ્ધ કેવી રીતે લડાશે?'' આઈનસ્ટાઈને કહ્યું, '' ચોથુ વિશ્વયુધ્ધ પથ્થરો વડે લડાશે. કારણ કે ત્રીજા વિશ્વયુધ્ધમાં માનવજાતિનો તમામ વિકાસ નાશ પામશે અને માણસો ફરી પાછા પથ્થર યુગમાં આવી જશે.''

આ પ્રસંગ પરથી મારા મનમાં એક પ્રશ્ન ઊઠ્યો, '' જો આ વખતે મોદીસાહેબ આછીપાતળી બહુમતીથી જીતશે તો આવતી ચૂટણીમાં શું થશે ?'' મન જવાબ આપે છે, '' આવતી ચૂટણીમાં તેઓ ભારે બહુમતીથી જીતશે.'' એ કેવી રીતે મન સામો પ્રશ્ન કરે છે.'' મન જ જવાબ આપે છે. '' આ વખતે વિરોધ પક્ષ પાસે મોદીસાહેબ વિરુધ્ધ ઘણા મુદ્દા હતા. કાળા નાણાં પાછા લાવવાના, આતંકવાદ નાબૂદ કરવાનો, દરેકના ખાતામાં પંદર લાખ જમા કરાવવાનો, મોંઘવારી ઘટાડવાનો, દર બે વરસે બે કરોડ રોજગારી આપવાનો, આવકવેરામાં રાહત આપવાનો, નોટબંધીની તકલીફોનો, જીએસટીમાં દર બેત્રણ અઠવાડિયે ફેરફાર કરવાના આવા કોઈ મુદ્દા વિરોધપક્ષો ઉઠાવી શકશે નહીં. કારણ કે આ વેળા ભાજપે આવા કોઈ વચન આપ્યા નથી. એટલે અચ્છે દિન આવે કે ના આવે, વચન નહીં પાળવાનું આળ એમના પર લગાવી શકાશે નહીં. મતલબ કે પ્રચંડ વિજય. અબકી(૨૦૨૪ માં) બાર, સાડા તીનસોકે પાર.

બસ એક પ્રશ્ન ગમે ત્યારે સળગી ઉઠવાનો, રામ મંદિર બાંધવાનો. પણ એનો જવાબ તો તૈયાર જ છે.'' જુવો ભાઈ આ ગઠબંધન સરકાર છે. એમાં એકલો ભાજપ કશું ના કરી શકે અને સુપ્રિમનો આદેશ પણ માનવો પડે ને ?.'' કોઈ ધીમે રહીને પિપુડી વગાડે કે ૨૦૧૪ માં સ્પષ્ટ બહુમતી હતી ત્યારે કેમ કંઈ ના કર્યુ?'' તો જોર જોરથી એવા ઢોલ વગાડવાના કે કોઈને પેલા ભાઈની પિપુડી સંભળાય જ નહી. અને આપણા જેટલા જોરથી ઢોલ વગાડતા બીજા કોઈને આવડે છે ?

અરે ભાઈ, થોડીવાર છાપુ બાજુમાં મૂકી બહાર જઈને જુઓ કે ક્યાંય ઢોલ વાગે છે કે નહીં ?